શંકાસ્પદ માંસના જથ્થાને એફ એસ એલ ના રિપોર્ટમાં ગૌમાંસ હોવાનું સાબિત કરવામાં આવ્યું

સાવલીમાંથી દસેક દિવસ પહેલા ઝડપાયેલા 320 કિલો ગૌમાંસના જથ્થાના કેસમાં ત્રણ આરોપીઓ જેલ ભેગા

(પ્રતિનિધિ) સાવલી, તા.13 સાવલી નગરમાં ગત ૨ નવેમ્બરનાં રોજ પઠાણ વગા વિસ્તારમાંથી સાવલી પોલીસ અને પ્રાણી ક્રૂરતા નિવારણ ના સંયુક્ત દરોડા માં ૩૨૦ કિલો થી વધુ શંકાસ્પદ માંસ નાં જથ્થા ના કિસ્સા માં એફ એસ એલ ના રિપોર્ટમાં ગૌમાંસ હોવાનું સાબિત થતા એક મહિલા સહિત ત્રણ સામે ગુનો નોંધી જેલભેગા કર્યા છે

સાવલી નગરમાં તારીખ 2 જી નવેમ્બર ની સવારે ખાટકીવાડ વિસ્તાર માં બાતમીના આધારે પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થા નાં સેક્રેટરી સ્નેહા પટેલ સાથે ગૌ રક્ષક અંકિત વ્યાસ અને સાવલી પોલીસે સંયુક્ત દરોડો પાડ્યો હતો સાવલીના પઠાણ વગા માં ૩૨૦ કિલો થી વધારે શંકા સ્પદ માંસ નો જથ્થો ઝડપ્યો હતો

ગૌ રક્ષક સ્નેહા પટેલ અને પોલીસ ને જોતા સ્થળ પર માંસ ની હેરફેર કરતા તત્વો માં ભાગદોડ મચી જવા પામી હતી પોલીસ દ્વારા ભાગવા જતા મહિલા સહિત ત્રણ ઈસમો ને પકડી પાડયા હતા

પકડાયેલ ઈશમો માં(૧) મહંમદ ઝફર કુરેશી,(૨) મુસ્તુફ કુરેશી અને એક મહિલા (૩) સબિરા કુરેશી ની અટકાયત કરી હતી પકડાયેલ ઈશામો પાસે મટન કાપવા માટે અધિકૃત અધિકારી નું પ્રમાણ પત્ર છે કે કેમ તે પૂછતા વગર પરમીટે મટન કાપતા હોવાનું કબૂલાત કરી હતી ત્યાર બાદ સાવલી પોલીસ અને પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થાનાં સ્નેહા બેન પટેલ તેમજ બીજા સાથી મિત્રો દ્વારા સ્થળ પર મળી આવેલ ૩૨૦ કિલો માંસ ની ખરાઈ કરવાના હેતુ થી પરીક્ષણ અર્થે માંસ ના નમૂના લઈ એફ.એસ. એલ માટે સુરત ખાતે મોકલી આપવા આવ્યા હતા જે રીપોર્ટ માં ગૌ માસ હોવાનું ખુલતા સાવલી પોલીસે ગૌ માંસ બદલ (૧) મહંમદ જાફર ઝાકીર કુરેશી (૨) મુસ્તુફા ઝાકીરભાઈ કુરેશી (૩)સાબીરા બીબી ઝાકીરભાઈ કુરેશી (ઝાકીર ભાઈ ની પત્ની) તમામ રહે સાવલી પઠાણ વગો ખાટકીવાડ સાવલી સામે પ્રાણી ક્રૂરતા અધિનિયમ એક્ટ ૩૨૫ ,5 (1) 6B, 8(2),8(4) ,10 કલમ મુજબ ગુનો નોંધી આરોપીઓ ને ઝડપી ને આગળની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે બનાવના પગલે ગૌ તસ્કરી અને ગૌ માંસ ની હેરફેર કરતા તત્વો માં ફફડાટ વ્યાપી ગયો છે.

ભગવાન બિરસા મુંડાજી ની 150 મી જન્મ જયંતીની ઉજવણી

જનજાતિય ગૌરવ રથયાત્રાનું ક્વાંટ ખાતે પરંપરાગત ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ) નસવાડી, તા.13 દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ 2021માં બિરસા મુંડા ના જન્મદિવસ તારીખ 15 મી નવેમ્બર ને જન જનજાતિય ગૌરવ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે અન્વયે ભગવાન બિરસા મુંડા ની 150, મી જન્મ જયંતી વર્ષની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે ઉજવણી અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના ખાતે રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ અને અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રી પી સી બરંડા અને રાજ્યકક્ષાના કૃષિ અને ખેડૂત કલ્યાણ સહકાર

પશુપાલન અને ગોસવર્ધન મંત્રી રમેશભાઈ કટારાની ઉપસ્થિતિમાં જનજાતિય ગૌરવયાત્રાનું ક્વાંટ ખાતે પરંપરાગત સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો

આ પ્રસંગે સાંસદ જશુભાઈ રાઠવા ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા ટ્રાયફેટ ચેરમેન રામસિંગભાઈ રાઠવા તાલુકા પંચાયત પ્રમુખ મિલનભાઈ રાઠવા ક્વાંટ ભાજપ આગેવાન વિજયભાઈ રાઠવા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ પીન્ટુભાઇ રાઠવા પ્રદેશ યુવા મોરચા ઉપપ્રમુખ મુકેશભાઈ રાઠવા અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

શીંગાવલી પ્રા. શાળાનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ઠ દેખાવ

(પ્રતિનિધિ) પીપલોદ, તા.13 ધાનપુર તાલુકાની શીંગાવલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ 2025-26ની તાલુકા સ્તરની વિવિધ રમત સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. વિવિધ વયગઠમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ રમતકૌશલ્ય દાખવી કુલ 28 પોઇન્ટ્સ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે. અન્ડર-14 કેટેગરીમાં બામણીયા નિરાલીબેન, પરમાર રેખાબેન, પરમાર દેવીનાબેન, બામણીયા ભાવનાબેન સહિતના વિદ્યાર્થીઓએ ઊંચી કૂદ, લાંબી કૂદ, ગોળાફેંક અને ચક્રફેંકમાં પ્રથમ સ્થાન હાંસલ કરી ચમકતા દેખાવ કર્યો. યોગાસન સ્પર્ધામાં પરમાર ઈશકભાઈ અને મૃણાલીબેન મુકેશભાઈએ પ્રથમ તથા બીજું સ્થાન મેળવી સન્માન મેળવ્યું. અન્ડર-11માં ધાણક સુરેશકુમાર, પરમાર અર્પિતા, બામણીયા અજયકુમાર વગેરે ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું, જ્યારે અન્ડર-9માં સચિન દિનેશ પરમારએ બીજું સ્થાન મેળવી સૌનું ધ્યાન ખેંચ્યું.તે ઉપરાંત ખોખો (બહેનો) ટીમે બીજું સ્થાન મેળવી ટીમ સ્પિરિટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

સુખસરના મોટા બોરીદામાં ૨૭ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતા મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.13 દાહોદ જિલ્લામાં અવાર-નવાર ઝેરી દવા પી અથવા ગળે ફાંસો ખાઈ મોતને વહાલું કરવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે.તેવી જ રીતે એક દિવસ અગાઉ સુખસર તાલુકાના મોટાબોરીદા ગામના ૨૭ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઉંદર મારવાની દવા પી લેતા સારવાર દરમ્યાન દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

મળેલ વિગતો મુજબ સુખસર તાલુકાના મોટાબોરીદા ખાતે રહેતા મેહુલભાઈ ઉદેસીગભાઈ ભાભોર ઉંમર વર્ષ આશરે ૨૭ ના ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરેલ હતો. અને જેઓએ ૭ નવેમ્બર શુક્રવારના રોજ કોઈક અગમ્ય કારણોસર ઉંદર મારવાની રોટેક્સ નામની દવા પી લેતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવેલ. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ત્રણેક દિવસની સારવાર બાદ મેહુલભાઈની તબિયત લથડતા મંગળવારના રોજ મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. ઉપરોક્ત બાબતે મૃતક મેહુલભાઈની બેન છાયાબેન ઉદેસીગભાઈ ભાભોરે સુખસર પોલીસમાં જાહેરાત આપતા પોલીસે આકસ્મિક મોત અન્વયે ગુનો દાખલ કરી લાશનું દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે પી.એમ બાદ લાશનો કબજો તેમના વાલી વારસોને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

મૃતક યુવાનના પરિવારની કરમની કઠણાઈ વિચિત્ર છે

મૃતક યુવાનના પિતા વ્યવસાયે વકીલ હતા.જેઓને સંતાનમાં બે પુત્રો તથા એક પુત્રી હતી. જ્યારે મૃતક યુવાનના પિતાને ગત ૧૫ વર્ષ અગાઉ કેન્સરની બીમારી થતાં મરણ ગયેલ હતા. અને માતા પણ કોઈ ક બીમારીમાં વર્ષો પહેલા મરણ ગયેલ ત્યારબાદ મોટો ભાઈ ભણતર છોડી છૂટક મજૂરી ધંધો કરવા બહારગામ મજૂરી જતો હતો. અને તેના કોન્ટ્રાક્ટર દ્વારા રાજસ્થાનના ભીલવાડા મજૂરી કામે લઈ ગયેલ. જ્યાં તેની શંકાસ્પદ હાલતમાં રેલવે ગરનાળામાંથી એક મહિના બાદ કોરોના સમય કાળ દરમ્યાન લાશ મળી આવી હતી.

વિદ્યાર્થીઓ સાથે અયોગ્ય વર્તન, મારપીટ તથા અપશબ્દો બોલતા હતા

પાદરાના પ્રાથમિક શિક્ષક યુસુફ શેખને સસ્પેન્ડ કરાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.13 પાદરાની એમ.બી. ઠક્કર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે અયોગ્ય વર્તન, મારપીટ તથા અપશબ્દો બોલવાના મામલે પ્રાથમિક શિક્ષક યુસુફ શેખ સામે કાર્યવાહી કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી મુજબ, શાળાના કેટલાક વાલીઓએ બાળકો પર થયેલા દુર્વ્યવહાર અંગે શાળાના આચાર્ય સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી હતી. આ અંગે આચાર્યએ સંબંધિત અધિકારીઓને જાણ કરી હતી. ફરિયાદને પગલે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા તાત્કાલિક તપાસ ટીમની રચના કરી પાદરાની એમ.બી. ઠક્કર શાળામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ અહેવાલમાં શિક્ષક યુસુફ શેખ દ્વારા વિદ્યાર્થીઓને શારીરિક દંડ આપવાનો, શાળાના ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ખોટો ઉપયોગ કરવાનો તેમજ વિદ્યાર્થીઓને અપશબ્દો બોલવાના પુરાવા મળ્યા હોવાનું જણાયું હતું. તપાસના આધારે શિક્ષક યુસુફ શેખને તાત્કાલિક ફરજ પરથી સસ્પેન્ડ કરવાની કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહેશ પાંડે દ્વારા હાથ ધરવામાં આવી છે. સસ્પેન્શનના આદેશ અનુસાર યુસુફ શેખને બરકાલ પ્રાથમિક શાળા (તા. સિનોર) ખાતે હેડક્વાર્ટર આપવામાં આવ્યું છે. આ કાર્યવાહી બાદ તાલુકાના પ્રાથમિક શિક્ષકોમાં ચકચાર મચી ગઈ છે.

પાદરાના એકલબારા કયામુદ્દીન ચિશ્તી બાવા દરગાહ શરીફ ખાતે ઉર્ષ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.13 પાદરા તાલુકાના એકલબારા ગામે આવેલી પ્રસિદ્ધ દરગાહ શરીફ ખાતે વર્ષો જૂની પરંપરા મુજબ આ વર્ષે પણ હજરત પીર દાદા કાયમુદ્દીન ચિશ્તી બાવા સાહેબનો ઉર્ષ મેળો ભવ્ય રીતે ઉજવાશે. એકલબારા દરગાહ શરીફના સજ્જાદા નશીન હાજી પીર કદિરબાવા સાહેબ તથા એકલબારા ગામના ઠાકોર સાહેબ જસપાલસિંહજી પઢીયારના અધ્યક્ષસ્થાને ગઈ કાલે પત્રકાર પરિષદ યોજી ઉર્ષ મેળા અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. હાજી પીર કદિરબાવા સાહેબે જણાવ્યું હતું કે માગશર સુદ ચૌદસે તા. 04/12/2025ના રોજ સંદલ શરીફની વિધિ ભવ્ય રીતે યોજાશે, જ્યારે માગશર સુદ પુનમે તા. 05/12/2025ના રોજ મુખ્ય ઉર્ષ મેળો ઉજવાશે.

ડભોઈ નગરને દર્ભાવતી બનાવવામાં ડ્રેનેજ શાખાને રસ નથી ? લોકો ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર

ડભોઇ : ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતા ૨૦૧૭ થી ડભોઇને દર્ભાવતી બનાવવા અથાક પરીશ્રમ કરી રહ્યા છે. ડભોઇ નગરપાલિકા અને ડભોઈ ના વિકાસ માટે અઢળક ગ્રાંટ સરકારમાંથી લાવી રહ્યા છે પરંતુ ડભોઇ ની ડ્રેનેજ શાખા ને ધારાસભ્ય શૈલેષ મહેતા ના સ્વપ્ન ને સાકાર કરવામાં જાણે રસ ના હોય એમ ડભોઇને દર્ભાવતી બનાવવા લગીરે રસ નથી. જાણવા મળ્યાં મુજબ ડભોઇના જાણીતા મંગલેશ્વર મહાદેવ ના મંદિર પાસે રોડ પર પાણી વહી રહ્યા છે. ડ્રેનેજના ગંદા પાણીમાં રહી ને ભક્તો જવા મજબૂર બને છે. વડીલો ની સ્થિતિ તો દયનિય બનતી જોવા મળે છે. જયારે બીજી તસ્વીર રેલ્વે નવાપુરાની છે. જયાં વોરવાડનો રસ્તો બંધ હોવાને લઈ એક માત્ર રસ્તો હોવાને લઈ વાહનચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. મંગલેશ્વર મહાદેવ વોર્ડ નં ૫ માં આવે છે અને વોર્ડ નં ૪ માં આવે છે. હવે આ બે વોર્ડ ની રાજકીય પરીસ્થિતિ સમજી શકાય છે . એ જે હોય તે પણ ડભોઈ નગરપાલિકાની ડ્રેનેજ શાખાને ડભોઈ ને દર્ભાવતી બનાવવામાં રસ નથી એ સમજી શકાય છે !!

પાદરાની ડિસ્કવરી ઈન્ટરનેશનલ સ્કૂલનો યોગાસનમાં ભવ્ય વિજય

અંડર 14, અંડર 17 અને ઓપન એજ કેટેગરીમાં વિદ્યાર્થીઓએ મેળવ્યા વિજયના ત્રિક્રમાંક

(પ્રતિનિધિ) 456, તા.13 રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ 2025 અંતર્ગત હાલમાં પાદરા તાલુકાના વિવિધ સેન્ટર સ્કૂલોમાં વિવિધ ક્રીડા સ્પર્ધાઓ યોજાઈ રહી છે. આ અંતર્ગત મોભા વાકળ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી યોગાસન ચેમ્પિયનશિપમાં પાદરાની ડિસ્કવરી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું હતું. સ્પર્ધામાં અંડર 14 કેટેગરીમાં યુગ ધોબી, નક્ષ ત્રિવેદી, ધ્યાન પટેલ, મેશ્વા જોશી, રિશ્વી પટેલ અને જીલ પટેલે શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું હતું. અંડર 17 કેટેગરીમાં હેરી પટેલે ઉત્તમ પ્રદર્શન કર્યું, જ્યારે ઓપન એજ કેટેગરીમાં જૈશમીના બેન જોશીએ વિજય મેળવી શાળાનો ગૌરવ વધાર્યો હતો. આ વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી ડિસ્કવરી ઈન્ટરનેશનલ સ્કૂલને તાલુકા કક્ષાએ ઉજ્જવલ બનાવ્યું. સ્પર્ધામાં વિજય બાદ શાળામાં આજે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સંગીતના તાલ અને ફૂલોના વરસાદ વચ્ચે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્કૂલના સંચાલક વિરલ પટેલ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વધુ ઉત્સાહ સાથે ભાગ લેવા પ્રેરણા આપી હતી.

આમળા થી ગોરીયાદ માર્ગનું ખાતમુહૂર્ત રૂ. 2.5 કરોડના ખર્ચે બનશે નવીન માર્ગ

પાદરા : પાદરા વિધાનસભા વિસ્તારમાં આવેલ આમળા ગામે, આમળા થી ગોરીયાદને જોડતા આશરે 2.5 કિલોમીટર લાંબા માર્ગનું ખાતમુહૂર્ત પાદરા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ માર્ગ અંદાજિત રૂ. 2.5 કરોડના ખર્ચે નવીન રૂપે બાંધવામાં આવવાનો છે. આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ હંસાબેન વસાવા, ગોરીયાદ ગામના સરપંચ ધારીણીબેન પીનાકીન પટેલ, માજી સરપંચ સુરેશ સોલંકી, ડેપ્યુટી સરપંચ સહિત ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારઓ, ગ્રામ્ય આગેવાનઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ માર્ગ બનવાથી બંને ગામ વચ્ચેનો સંચાર સુગમ બનશે તેમજ ગ્રામ્ય વિકાસને વધુ ગતિ મળશે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ હાઇવે નંબર 56 પરથી પસાર થતાં વાહનચાલકો પરેશાન

બોડેલી, જબુગામ વચ્ચેના રોડ પર મોટા મોટા ખાડાઓનું સામ્રાજ્ય

ચોમાસુ પુરુ થયુ છતાં હજુ સુધી તંત્ર દ્વારા રોડ-રસ્તાની મરામત કરાતી ન હોવાથી ગામલોકોમાં રોષ

(પ્રતિનિધિ) બોડેલી, તા.13 છોટાઉદેપુર જિલ્લામાં આવેલ નેશનલ હાઈવે નંબર 56 જેમાં બોડેલી, જબુગામ વચ્ચે ખાડાઓનો સામ્રાજ્ય જોવા મળી રહ્યો છે જ્યારે આજરોજ રાધે કૃષ્ણ સ્ટોક ની બાજુમાં આવેલ ખાડાઓના કારણે(તંત્રની બેદરકારીના કારણે) એક એકટીવા ચાલક

સ્લીપ ખાઈને પડી ગયા જ્યારે તેમના જણાવ્યા અનુસાર ધીમી સ્પીડ પર જતા હતા તેમ છતાં પણ ખાડામાં ટાયર પડતા એકટીવા સ્લીપ ખાઈ ગઈ હતી.

જેમાં ચાલકને વધુ પડતું નુકસાન ન થતા તેઓ પોતાની જાતે જ ત્યાં થોડીવાર બેસીને પરત પોતાના ઘરે ગયા હતા મહત્વની વાત એ છે કે આ રોડ ઉપર મેરીયા બ્રિજ ઉપર તથા રાધે કૃષ્ણ સ્ટોક ની બાજુમાં તથા જબુગામ મુખ્ય બજારમાં પડેલા ખાડાઓ તરફ નેશનલ હાઇવે ના અધિકારીઓ કોઈપણ જાત નો પેચ વર્ક તથા રીપેરીંગની કામગીરી કરતા નથી જેથી કરીને વારંવાર આવા નાના મોટા બનાવો બનતા હોય છે, વહેલી તકે તંત્ર નિંદ્રામાંથી જાગે અને મેરીયા બ્રિજ અને જબુગામ બોડેલી વચ્ચે આવતા તમામ ખાડાઓ વ્યવસ્થિત રીતે પૂરવામાં આવે એવી લોક માંગ ઉઠી છે બે દિવસ અગાઉ જબુગામ ગામમાં જાગૃત યુવાનો દ્વારા જબુગામ મુખ્ય બજારના ખાડાઓ તો જાતે જ પૂર્વમાં આવ્યા હતા.

દાહોદની કેન્દ્રીય વિદ્યાલયમાં શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના

ક્લાસ ન લેવા બાબતે ખુલાસો માંગવા ગયેલા પ્રિન્સિપાલને શિક્ષકે લાફા ઝીંક્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.13 દાહોદ ખાતેની કેન્દ્રીય વિદ્યાલયમાં પરમ દિવસ મંગળવારે શિક્ષણ જગતને શર્મસાર કરતી બનેલી ઘટનામાં ક્લાસ ન લેવા બાબતે ખુલાસો માંગવા ગયેલા શાળાના પ્રિન્સિપાલને શાળાના શિક્ષકે વિદ્યાર્થીઓની સામે જ બે ઝાપટ મારી દીધી હોવાનું સામે આવતાં આ મામલે પ્રિન્સિપાલે તે શિક્ષક વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. સત્તાવાર જાણવા મળ્યા મુજબ દાહોદના કેન્દ્રીય વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રામચરણ લલિત શેઠી મંગળવારે શાળામાં હાજર તો જરૂર થયા હતા, પરંતુ તેઓએ સમયસર કોઈ પણ ક્લાસ લીધો ન હતો. આ શિક્ષકની ગંભીર બેદરકારી શાળાના પ્રિન્સિપાલના ધ્યાનમાં આવતાં પ્રિન્સિપાલ અનોશ મંગળસિંહ સેમસંગે આ મામલે શિક્ષક રામચરણ શેઠી પાસેથી ખુલાસો માંગવાનું નક્કી કર્યું હતું. પ્રથમ પ્રયાસમાં તેઓએ પટાવાળા મારફતે શિક્ષક રામચરણ શેઠીન માનવતાના પાઠ ભણાવનાર શિક્ષકની માનસિકતા કેવા શાળાના વિદ્યાર્થીઓ સામે જ પોતાનો આપા ગુમાવી વિદ્યાર્થીઓ માનવતાના પાઠ ભણાવનાર શિક્ષકે શાળાના પ્રિન્સિપાલની સામે ખુલાસા માટેના તૈયાર કરેલા કાગળો ફાડી નાખી પ્રિન્સિપાલના મોના પર કાગળિયાના ટુકડા ફેંકી મારી પોતાના ઉપરી અધિકારી એવ પ્રિન્સિપાલને બે ઝાપટ ઝીંકી વિદ્યાર્થીઓની સામે જ અપમાનિત કર પોતાની માનસિકતા છતી કરનાર શિક્ષક વિદ્યાર્થીઓને માનવતાના પાઠ શીખવાડશે? તે એક યક્ષ પ્રશ્ન છે.

ખુલાસો આપવા જણાવ્યું હતું પરંતુ શિક્ષકે તે બાબતે ખુલાસો આપવનો સ્પષ્ટ ઇકાર કરી દીધો હતો. ત્યારબાદ પ્રિન્સિપાલે જાતે જ શિક્ષક રામચ= પાસે જઈ ખુલાસો માગવાનું નક્કી કર્યું હતું અને તે દિવસે બપોર લગભગ એક થી દોઢ વાગ્યાના સમયગાળામાં જ્યારે રામચરણ શો ધોરણ ૭ના વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા, તે વખતે પ્રિન્સિપાલ અને સેમસંગ અને અન્ય શિક્ષક અમિતકુમાર ભગવાનસિંહ ધોરણ સાત વર્ગમાં પહોંચ્યા હતા અને ખુલાસા અંગે સીધી પૂછપરછ કરી હટી પૂછપરછ દરમિયાન વાતચીત ઉગ્ર બનતા એકદમ ઉશ્કેરાઈ ગયેલાશિ= રામચરણ શેઠીએ ખુલાસા માટે તૈયાર કરાયેલા કાગળની નકલો ફાડી નાખી અને તેના ટુકડા પ્રિન્સિપાલના મોઢા ઉપર ફેંકી મારતા પરિસ્થિ તંગ બની હતી જેથી પ્રિન્સિપાલે પરિસ્થિતિને શાંત પાડવા માટે રામચરણ શેઠીને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.